જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૧૬ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૧ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧૬૮ બિયર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૮/૧૬**

**ઘાટલોડીયાઃ** વિપુલભાઇ હરીપ્રસાદ પટેલ (રહે.કર્મચારીનગર વિભાગ-૨ સુર્યનારાયણ સોસાયટીની બાજુમા રત્નાપાર્ક ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૧૬ કલાક ૩/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના અને કેમેરો મળી કુલ રૂપિયા ૬૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ પટેલ ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૪૦૯/૧૬**

**નારણપુરાઃ** મનોરમાબહેન વા/ઓ અજીતભાઇ પટેલ (ઉ.વ.૫૦) (રહે.સર્મપણ ટાવર ધરડાધર પાસે) તા.૨૯/૧૨/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા લોખંડવાલા સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ મનોરમાબહેન પાસે સરનામુ પુછવાના બહાને નજીક આવી મનોરમા બહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનોરમાબહેન પટેલે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)